

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073



પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-27 ■ અંક-10 ■ તા. 05-03-2023 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


## ૮,૧૬૦ કરોડની ઊંચા ભાવે ખરીદી વીજળી, ગુજરાત સરકારે ખુલાસો કર્યો જો કે તેનો બચાવ પણ કર્યો

### ૨૦૨૧-૨૨માં સરકારે કંપની પાસેથી રૂ. ૮,૧૬૦ કરોડમાં ૧૧,૫૯૬ મિલિયન યુનિટ વીજળી ખરીદી હતી.

ગાંધીનગર,તા.૪

ગુજરાત સરકારે ૨૦૨૧ અને ૨૦૨૨ ની વચ્ચે અદાણી પાવર લિમિટેડ પાસેથી રૂ. ૮,૧૬૦ કરોડની વીજળી ખરીદી હતી. જે ટેરિફ રેટમાં રૂ. ૨.૮૩ થી વધારીને રૂ. ૮.૮૩ પ્રતિ યુનિટ કરી હતી. ગુજરાત વિધાનસભામાં આ માહિતી રજૂ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય હેમંત આહિરના તારાંકિત પ્રશ્નના જવાબમાં રાજ્યના ઉર્જા પ્રધાન કનુ દેસાઈએ જણાવ્યું હતું કે, ૨૦૨૧-૨૨માં સરકારે કંપની પાસેથી રૂ. ૮,૧૬૦ કરોડમાં ૧૧,૫૯૬ મિલિયન યુનિટ વીજળી ખરીદી હતી.

તેમણે જણાવ્યું હતું કે, અદાણી પાવર પાસે થયેલા કરાર બાદ રાજ્ય સરકાનો વિજળી ખરીદી પર સરકારે ગૃહમાં જવાબ રજૂ કર્યો હતો. વર્ષ ૨૦૦૭મા બીડ ૧ માં રૂ ૨.૮૯ અને બીડ ૨ મા ૨.૩૫ પ્રતિ યુનિટ વીજ ખરીદીના કરાર કર્યા હતા. વર્ષ ૨૦૨૧ મા એનર્જી ચાર્જ રૂ ૨.૮૩ થી રૂ ૫.૪૦સુધી એનર્જી ચાર્જ પ્રતિ યુનિટ ખરીદવામાં આવી. વર્ષ ૨૦૨૨ મા રૂ ૫.૫૭ થી રૂ ૮.૮૩ સુધી વસૂલાત કરી. રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૧મા અદાણી પાવર પાસે ૬૭૨ કરોડ ની વીજળી ખરીદી હતી. જ્યારે રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨ મા અદાણી પાવર પાસે રૂ ૧,૨૪૭ કરોડ ની વીજળી ખરીદી.

રાજ્ય સરકારે ઉંચા ભાવે અદાણી પાવર પાસે વીજળી ખરીદીનો બચાવ કર્યો હતો. રાજ્ય સરકારે આંતરરાષ્ટ્રીય બજારોમાં કોલસાના ભાવોના આધારે ભાવોમાં ફેરફાર કર્યા. રાજ્ય સરકારે હાઈ પાવર કમિટીની ભલામણો અને કોલસામાં ઉંચા ભાવો અને કેન્દ્રીય વિજ નિયમન આયોગના આદેશથી ટેરીફની ચૂકવણી કરવામાં આવી હોવાની વાત રજૂ કરી હતી. ડિસેમ્બર ૨૦૧૮માં રાજ્ય સરકારે સપ્લિમેન્ટ કરાર કર્યા. ૧૭-૧૦-૨૦૨૧ થી ૦૫-૧૧-૨૦૨૧ દરમિયાન આંતરરાષ્ટ્રીય ભાવના વધારાના કારણે રૂ ૪.૫૦ પ્રતિ યુનિટ ફિક્સ ચાર્જ તથા કેપેસિટી ચાર્જના દરે વીજળી ખરીદવાનો નિર્ણય થયો.

તેમણે જણાવ્યું હતું કે, ૨૦૦૭માં રાજ્ય સરકારે અદાણી પાવર લિમિટેડ પાસેથી ૨૫ વર્ષ માટે રૂ. ૨.૮૯ અને રૂ. ૨.૩૫ પ્રતિ યુનિટના લેવલાઈઝ્ડ ટેરિફ દરે વીજ ખરીદવાનો કરાર કર્યો હતો. આયાતી કોલસાની કિંમતમાં વધારો થવાને કારણે રાજ્ય સરકારે કંપની પાસેથી તેના પાવર પરચેઝ એગ્રીમેન્ટ હેઠળ યુનિટના દરમાં સુધારો કર્યો હતો. ચાર્જ રૂ. ૨.૮૩થી રૂ. ૮.૮૩ પ્રતિ યુનિટની રેન્જમાં દર મહિને વધઘટ થતાં રહે છે. દેસાઈએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટ કોલસા આધારિત હોવાથી ૨૦૧૧ પછી ઈન્ડોનેશિયામાંથી મેળવેલા કોલસાના ભાવમાં અનિશ્ચિત વધારો થવાને કારણે પાવર કંપની સંપૂર્ણ ક્ષમતામાં ઉર્જાનું ઉત્પાદન કરી રહી નથી. આને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા એક ઉચ્ચ સમિતિની રચના કરવામાં આવી હતી. સરકારે ૧ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજના ઠરાવ દ્વારા સમિતિની ભલામણોને સ્વીકારીને થોડા સુધારાઓ સાથે નીતિ નિર્ણય તરીકે વીજ ખરીદી દરોમાં વધારો મંજૂર કર્યો હતો.

તેમણે ઉમેર્યું હતું કે, ૫ ડિસેમ્બર, ૨૦૧૮ ના રોજ અદાણી પાવર સાથે પૂરક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા, જેને સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન દ્વારા ૧૨ એપ્રિલ, ૨૦૧૯ ના રોજના આદેશ દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય કોલસાના ભાવમાં વધારાને કારણે ૨૦૨૧માં વધુ સુધારો કરવામાં આવ્યો હતો. વૈશ્વિક સ્તરે આયાતી કોલસાના ભાવમાં અતિશય વધારાને કારણે, રાષ્ટ્રીય સ્તરે મોટા ભાગના આયાતી કોલસા આધારિત પાવર પ્રોજેક્ટ્સે ઉત્પાદન બંધ કરી દીધું હતું, કારણ કે કરાર/પૂરક કરાર પોષાય તેવા ન હતા.

તેમણે જણાવ્યું હતું કે, પરિસ્થિતિને ટાળવા અને સમગ્ર દેશની વધતી જતી માંગને પહોંચી વળવા કેન્દ્ર સરકારે ૫ મે, ૨૦૧૧ ના રોજના આદેશ દ્વારા ઈલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ની કલમ ૧૧ હેઠળ આયાતી કોલસા આધારિત પાવર પ્રોજેક્ટને સંપૂર્ણ ક્ષમતાથી ચલાવવાનો આદેશ આપ્યો હતો. તમામ ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી રાજ્યની વીજ માંગને પહોંચી વળવા માટે મેરિટ ઓર્ડરના સિદ્ધાંત હેઠળ અદાણી પાવર (મુન્દ્રા) પાસેથી પર્યાપ્ત પાવર મેળવવામાં આવ્યો હતો.

## દેશની તિજોરીમાં ૧ મહિનામાં ૧૫૦૦ કરોડ ડોલરનું ગાબડું

મુંબઈ,તા.૪

ભારતીય રિઝર્વ બેંક – આરબીઆઇએ વિદેશી મુદ્રા ભંડારને લઈને ડેટા જાહેર કર્યો છે, જે મુજબ સતત ચોથા સપ્તાહે દેશના વિદેશી મુદ્રા ભંડારમાં ઘટાડો જોવા મળ્યો છે. ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડાર ૩૨૫ મિલિયન ડોલર ઘટીને ૫૬૦.૯૪૨ બિલિયન ડોલર થઈ ગયું છે. છેલ્લા ચાર સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડારમાં ૧૫ અબજ ડોલરથી વધુનો ઘટાડો થયો છે. ઉલ્લેખનીય છે કે ઓક્ટોબર ૨૦૨૧માં વિદેશી મુદ્રા ભંડાર ૬૪૫ બિલિયન ડોલરના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયો હતો.જોકે હાલમાં તે સતત ઘટાડાનો સામનો કરી રહ્યું છે.

આરબીઆઇ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડાર ૩૨૫ મિલિયન ડોલર ઘટીને ૫૬૦.૯૪ બિલિયન ડોલર પર આવી ગયું છે. જ્યારે તેના અગાઉના સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડાર ૫૬૧.૨૭ બિલિયન ડોલર રહ્યું હતું. ૧૦ ફેબ્રુઆરીના રોજ પૂરા થતા સપ્તાહમાં તે ૫૬૬.૯૪ બિલિયન ડોલર અને ૩ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ પૂરા થતા સપ્તાહમાં ૫૭૫.૨૭ બિલિયન ડોલર હતું. છેલ્લા ચાર સપ્તાહમાં વિદેશી મુદ્રા ભંડારમાં લગભગ ૧૫ અબજ ડોલરનો ઘટાડો થયો છે. ૧૦ ફેબ્રુઆરીએ વિદેશી મુદ્રા ભંડારમાં ૮.૩૧ અબજ ડોલરનો ઘટાડો થયો હતો, જે ૧૧ મહિનામાં સૌથી મોટો ઘટાડો હતો.

આરબીઆઈના જણાવ્યા અનુસાર આ જ સમયગાળામાં વિદેશી ચલણની સંપત્તિ ૧૬૬ મિલિયન ડોલર ઘટીને ૪૯૫.૯૦૬ બિલિયન ડોલર થઈ છે. ગોલ્ડ રિઝર્વમાં ૬૬ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે. ગોલ્ડ રિઝર્વ ઘટીને ૪૧.૭૫૧ બિલિયન ડોલર થઈ ગયું છે જ્યારે જીહ્લઈ ૮૦ મિલિયન ડોલર ઘટીને ૧૮.૧૮૭ બિલિયન ડોલર થઈ ગયું છે. સ્ન્ન પાસે જમા કરાયેલ અનામતમાં ૧૨ મિલિયન ડોલરનો ઘટાડો થયો છે અને તે ઘટીને ૫.૦૯૮ બિલિયન ડોલર પર આવી ગયું છે.

ઓક્ટોબર ૨૦૨૧માં વિદેશી મુદ્રા ભંડાર ૬૪૫ બિલિયન ડોલર ના ઐતિહાસિક સ્તરે પહોંચી ગયું હતું. યુક્રેન પર રશિયાના હુમલા પછી ફુગાવા અને વિદેશી રોકાણકારોના વેચાણને કારણે અને વ્યાજ દરોમાં વધારો થવાને કારણે વિદેશી હૂંડિયામણ અનામતમાં ઘટાડો થયો છે. આ ઉપરાંત રૂપિયામાં નબળાઈ આવી ત્યારે આરબીઆઈએ રૂપિયાને પકડી રાખવા માટે તેના અનામતમાંથી ડોલર વેચવા પડ્યા હતા. શુક્રવારે રૂપિયો એક ડૉલરના મુકાબલે ૬૪ પૈસા મજબૂત થયો હતો અને ૮૧.૯૬ ના સ્તર પર બંધ થયો હતો.

## સરપંચનું દરરોજ સાંજે ૭થી ૮.૩૦ વચ્ચે સેલફોન અને ટેલીવિઝન સેટ બંધ રાખવા ફરમાન

મુંબઇ,તા.૪

કોલ્હાપુર જીલ્લાના એક ગામે પોતાના નિવાસીઓને અનોખી અપીલ કરી છે.માનગાંવના તમામ ૧૫,૦૦૦ નિવાસીઓને અપીલ કરી છે કે તે ભણવાની આદતને પ્રોત્સાહન આપે,પરિવારના સભ્યોની સાથે વાતચીત કરવા અને બાળકોમાં કાઉટર ગેજેટ જોડવા માટે રોજ સાંજે સાત વાગ્યાથી ૮.૩૦ વવાગ્યાની વચ્ચે પોતાના સેલફોન અને ટેલીવીઝન સેટ બંધ કરી દો માનગાંવના સરપંચ રાજુ મગદુમે કહ્યું કે આપણે તમામ સેલફોન અને ટીવીથી ટેવાઇ ગયા છીએ જેના કારણે એકાગ્રતાની કમી અને પરિવારના સભ્યોની વચ્ચે વાતચીતનું નુકસાન જેવી સમસ્યાઓ થાય છે.આ આગળ જઇ પારિવારિક સમસ્યાઓમાં બદલાઇ જાય છે.

પશ્ચિમી મહારાષ્ટ્રમાં માનગાંવ દેશના સામાજિક સુધાર આંદોલનના ઈતિહાસમાં એક વિશેષ સ્થાન રાખે છે.ડો.બાબા સાહેબ આંબેડકર અને છત્રપતિ શાહૂ મહારાજે ૨૧ માર્ચ ૧૯૨૦ના રોજ અસ્પૃશ્યતાની વિરૂધ્ધ પહેલુ સંયુકત સેમેલન આ ગામમાં આયોજીત કર્યું હતું.માનગાંવ વિધવાઓના દમન કરનારી સદીઓ જુની પ્રથાઓની વિરૂધ્ધ પ્રસ્તાવ પસાર કરનાર પહેલું ગામ હતું.માનગાંવે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પ્રસંગ પર આઠ માર્ચે આ અભિયાનને શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

શરૂઆતમાં ટેલીવીઝન સેટ અને સેલફોન બંધ કરવાનું સ્વૈચ્છિક હશે પરંતુ ગ્રામ પંચાયત ભવિષ્યમાં તેને ફરજિયાત કરવાની યોજના બનાવવામાં આવશે જો આ પહેલા દરેક ઘરને પાંચ તક આપવામાં આવશે જો કોઈ ઘર છઠ્ઠી વાર નિયમોનું ભગ કરશે તો સંપત્તિ કરમાં વૃધ્ધિના રૂપમાં દંડ લગાવવામાં આવશે જયારે ગ્રામ પંચાયતે ક્ષેત્રમાં ફક્ત ઓપરેટરોને દરેક દિવસે સાંજે ૭ વાગ્યાથી ૮.૩૦ વાગ્યાની વચ્ચે પોતાની સેવાઓને ડિસ્કનેકટ કરવા માટે પત્ર લખવામાં આવ્યો છે.ડીટીએચ કનેકશન વાળા લોકોને પોતાની ટીવી સેટ બંધ કરવાની વિનંતી કરવામાં આવશે

## શેરબજારમાં સમજ નથી પડતી, કાળી મહેનતના પૈસા ડૂબી ગયા : અર્શદ વારસી

મુંબઈ,તા.૪

સેબીએ પમ્પ એન્ડ ડમ્પ સ્કિમમાં સામેલ રોકાણકારો પર ધોંસ બોલાવી દંડનીય પગલાં લીધાં છે તેમાં બોલીવૂડના જાણીતા એક્ટર અર્શદ વારસી તથા તેની પત્ની મારિયાને પણ ટ્રેડિંગ માટે પ્રતિબંધિત ઠરાવતાં પગલાં લેવાયાં છે. તેને પગલે અર્શદ વારસીએ વ્યથા ઠાલવી છે કે તેને અને તેની પત્નીને શેર બજારમાં કોઈ નોલેજ નથી અને તેને પગલે તેમણે પોતાની કાળી મહેનતની કમાણી ગુમાવી દીધી છે.

અર્શદ અને મારિયા ઉપરાંત અન્ય ૪૫ લોકોને યુ ટ્યૂબ પર ગેરમાર્ગે દોરતા વીડિયો અપલોડ કરી બે કંપનીના શેરના ભાવો કૃત્રિમ રીતે ચગાવવા બદલ દોષિત ગણી સેબીએ તેમને ટ્રેડિંગ કરવા દેવા પર પ્રતિબંધ ફરમાવી દીધો છે. અર્શદ અને મારિયા પર ૪૧.૮૫ કરોડનો ખોટી રીતે ફાયદો ઉઠાવવાનો આરોપ છે. સેબીની ગણતરી મુજબ વારશીએ રૂ.૨૯.૪૩ લાખ અને તેમના પત્નીએ રૂ.૩૭.૫૬ લાખનો પ્રોફિટ કર્યો હતો. આ નફો પરત જમા કરાવવાનો આદેશ તેમને અપાયો છે.

સેબીના આ આદેશની વિગતો પ્રગટ થયા બાદ અર્શદ વરસીએ સોશિયલ મીડિયાનાં માઈક્રો બ્લોગિંગ પ્લેટફોર્મ પર પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. અર્શદે કહ્યું હતું કે તેને કે તેની પત્નીને શેરબજાર કેવી રીતે ચાલે છે તેની કોઈ સમજ પડતી નથઈ. તેમને આ બાબતે ઝીરો નોલેજ છે. તેમણે આ પ્રમોટર સાથે રોકાણ પહેલાં સલાહ પણ મેળવી હતી. પરંતુ, હવે તેણે તેના આકરી મહેતના પૈસા આ રીતે ગુમાવી દેવા પડ્યા છે. અસંખ્ય લોકોએ શેરબજારમાં નાણાં ગુમાવ્યાં છે અને હવે તેમાં અમે પણ સામેલ થઈ ગયાં છીએ.

સેબીએ આ મામલમા અર્શદ સહિતના લોકોને શેરબજારમાં ટ્રેડિંગ પર પ્રતિબંધ ફરમાવ્યો છે. આ સાથે સેબીએ સેબીની તરફેણમાં ૧૫ દિવસમાં શિડયુઅલ્ડ બેંકમાં રકમ જમા કરવાનો આદેશ આપ્યો છે અને તમામને કોઈપણ એસેટ્સ સ્થાવર કે જંગમ મિલ્કતોનો નિકાલ, વેચાણ નહીં કરવા આદેશ આપ્યો છે.

સેબીને ફરિયાદ મળી હતી કે સાધના બ્રોડકાસ્ટ અને શાર્પલાઈન બ્રોડકાસ્ટના શેરોમાં મેની પ્યુલેશન કરવામાં આવ્યું હતું. એડવાઈઝર તથા મનીવાઈઝ આ બે ચેનલો દ્વારા સાધના બ્રોડકાસ્ટમાં અસાધારણ નફાની ગેરમાહિતી ફેલાવાઈ હતી. આવા ગેરમાર્ગે દોરનારા વીડિયો દ્વારા સાધનાના શેરોના ભાવ તથા વોલ્યૂમ વધતાં રહે તેવો કારસો રચાયો હતો. તેમાંથી એક ચેનલ મનીષ મિશ્રા સંચાલિત હતી.

આ સમયગાળામાં સાધનાના કેટલાક પ્રમોટર શેરહોલ્ડરો, મુખ્ય મેનેજમેન્ટ વ્યક્તિઓ અને નોન-પ્રમોટર શેરહોલ્ડરો જે કંપનીમાં એક ટકાથી વધુ હોલ્ડિંગ ધરાવતા હતા, તેમણે ચગેલા ભાવોએ અમુક શેરો વેચીને નફો બુક કર્યો હતો. ગેરમાર્ગે દોરતાં વિડીયોને કારણે આ સ્ક્રિપમાં રીટેલ રોકાણકારોની કુલ સંખ્યા ૮૫૭ થી વધીને ૫૫,૩૪૩ થઈ ગઈ હતી. આ ગેરમાર્ગે દોરતાં વિડીયો જાણમાં આવતાં બીએસઈએ સાધના બ્રોડકાસ્ટર્સ પાસેથી સ્પષ્ટતા માગી હતી. કંપનીએ વિડીયોમાં કરાયેલા દાવાઓને નકાર્યા હતા. પરંતુ નાના રોકાણકારો આ વિડીયોમાં કરાયેલા દાવાઓથી ભોરવાયા હતા.

સેબીએ આ કેસમાં ત્રણ ગ્રુપોમાં ૩૧ અલગ પાર્ટીના નામ આપ્યા છે. જેમાં પ્રથમ ગ્રુપમાં મનીષ મિશ્રા મિસલિડિંગ મેસેજ ડિસ્સેમીનેટર જે યુટયુબ ચેનલો ચલાવનાર વ્યક્તિ છે. બીજા ગ્રુપમાં નેટ સેલરો અથવા પ્રમોટરો અને નફો રળનારા છે. જ્યારે ત્રીજા ગ્રુપમાં વોલ્યુમ વધારનારાઓ છે. વારશી દંપતિનો વોલ્યુમ સર્જનાર ગ્રુપમાં અને નફો મેળનાર કેટેગરીમાં ગણીને દંડિત કરાયા છે.

## શિવસેના સંસદીય કાર્યાલયમાંથી ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરેની તસવીરો ગાયબ



નવીદિલ્હી,તા.૪

શિવસેના(યુબીટી)ના સાંસદ વિનાયક રાઉતે લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને એક પત્ર સોંપી માહિતગાર કર્યા છે કે શિવસેના (યુબીટી) પાર્ટીના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરે અને યુવા સેના પ્રમુખ આદિત્ય ઠાકરેની તસવીર ફેબ્રુઆરીમાં શિવસેનાના સંસદીય પક્ષ કાર્યાલયમાંથી ચોરી લેવામાં આવી છે. પત્રમાં રાઉતે મામલાની તપાસ કરાવવાની પણ માંગ કરી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે તમે જાણો છો કે શિવસેના સંસદીય પક્ષનું કાર્યલય નવીદિલ્હી ખાતે સંસદ ભવનના ત્રીજા માળે રૂમ.નં.૧૨૮માં છે લોકસભા સચિવાલયે આ કાર્યાલય શિવસેના સંસદીય પક્ષ(મુખ્યમંત્રી એકનાથ શિંદે જુથ)ને લોકસભા અને રાજયસભામાં કામ કરવા માટે આપ્યું છે.આ ઉપરાંત પત્રમાં લખવામાં આવ્યું છે કે સર હું તમારૂ ધ્યાન દોરૂ છું કે અમારા સંસદીય પક્ષ કાર્યાલય (૧૨૮ સંસદ ભવન)માં શિવસેનાના સંસ્થાપક બાલાસાહેબ ઠાકરે,પાર્ટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરે અને યુવા સેના પ્રમુખ આદિત્યનાથ ઠાકરેની તસવીર લગાવવામાં આવી હતી જો કે ફેબ્રુઆરી ૨૦૨૩માં ઉદ્ધવ ઠાકરે અને આદિત્ય ઠાકરેની તસવીરોની ચોરી થઇ છે.તમને વિનંતી છે કે તમે તેના પર ધ્યાન આપો અને તસવીરોને ફરી પ્રાપ્ત કરો અને તેને કાલ્યાલયમાં તે સ્થાન પર લગાવડાવો

ચુંટણી પંચ દ્વારા મુખ્યમંત્રી એકનાથ શિંદેના નેતૃત્વવાળા જુથને વાસ્તવિક શિવસેનાના રૂપમાં માન્યતા આપવા અને તેનાથી પાર્ટીનું નામ અને પ્રતિકનો ઉપયોગ કરવાની મંજુરી આપ્યા બાદ શિંદેના નેતૃત્વવાળા જુથે રાજય વિધાનસભા અને સંસદમાં પાર્ટીના કાર્યાલયોને પોતાના કબજામાં લીધો જેના પર પહેલા ઠાકરેની સેનાનો કબજો હતો.

શિંદેના નેતૃત્વવાળી શિવસેનાએ આદિત્ય અને ઉદ્ધવની તસવીરોને કાર્યાલયોથી હટાવી દીધી હતી અને તેની જગ્યાએ બાલા સાહેબ ઠાકરે,આનંદ દીધે અને એકનાથ શિંદેની તસવીર લગાવી હતી આ પહેલા લોકસભા સચિવાલયમાં ઉપ સચિવ સુનંદા ચેટર્જીએ શિવસેના સાંસદ રાહુલ શેવાલેને લખેલ પત્રમાં કહ્યું હતું કે સંસદ ભવનમાં રૂમ.નં. ૧૨૮ શિવસેના પાર્ટીને ફાળવવામાં આવી છે. અસલી શિવસેના કંઇ છે તેના પર વિવાદ શરૂ થયા બાદ શિવસેનાના બંન્ને જુથોએ સંસદમાં પાર્ટી કાર્યાલયનો ઉપયોગ કરવાનું શરૂ કરી દીધુ છે.અવિભાજીત શિવસેનામાં કુલ ૧૯ સાંસદોમાંથી ૧૩ એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં ચાલ્યા ગયા છે.

## મથુરાના બાંકે બિહારી મંદિરમાં ભગવાન સાથે હોળી રમવા ભક્તોની

મથુરા,તા.૪

વૃંદાવનના બાંકે બિહારી મંદિરમાં રંગભરની એકાદશી પર ભક્તોનું ધોડાપૂર ઉમટ્યું હતું.પોતાના આરાધ્ય દેવના દર્શન માટે અને તેમની સાથે હોળી રમવા માટે બાંકે બિહારી મંદિરની બહાર લગભગ ૧થી ૨ કિમી સુધી લાંબી લાઈનો લાગી હતી. લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ વૃંદાવનની પાંચ કોસની પરિક્રમા લગાવી હતી આજથી બાંકે બિહારી મંદિરમાં પાંચ દિવસીય હોળી ઉત્સવની શરુઆત થઈ છે. આ દરમિયાન મંદિરમાં ભક્તો પર કેસૂડના ફુલોથી બનેલા રંગ નાખવામાં આવ્યો હતો.

રંગભરની એકાદશી પર વૃંદાવનમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચે છે. આ વખતે પણ લગભગ ૧૫ લાખ શ્રદ્ધાળુઓ પહોંચવાની આશા છે. તેની સાથે જ શ્રદ્ધાળુઓ બાંકે બિહારી મંદિરમાં પહોંચીને પોતાના આરાધ્ય સાથે હોળી ઉત્સવનો આનંદ લેશે.

## હેલ્થ અને ડેવલપમેન્ટ સેક્ટરમાં ભારતના ગ્રોથને લઈને પહેલાં કરતાં વધારે પોઝિટિવ છું : બિલ ગેટ્સ

નવીદિલ્હી,તા.૪

અમેરિકન બિઝનેસમેન બિલ ગેટ્સે ભારતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. તેઓએ હેલ્થ, ક્લાઈમેટ ચેન્જ, જી૨૦ પ્રેસિડેન્સી સહિતના વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. બિલ ગેટ્સે પોતાના ઓફિશિયલ બ્લોગ 'ગેટ્સનોટ્સ'માં આ બેઠક અંગે લખતી વખતે ભારતના વખાણ કર્યા હતાં.તેમણે લખ્યું કે, હું આ અઠવાડિયે ભારતમાં છું. અત્યારે જ્યારે દુનિયા અનેક પડકારોથી ઘેરાયેલી છે, ત્યારે ભારત જેવા ગતિશીલ અને ક્રિએટિવ સ્થાને રહેવું પ્રેરણાદાયક છે. ભારત દુનિયાને બતાવી રહ્યું છે કે જ્યારે ઈનોવેશનમાં રોકાણ કરવામાં આવે ત્યારે શું-શું શક્ય બની શકે છે. હું હેલ્થ, ડેવલપમેન્ટ અને ક્લાઈમેટ ચેન્જના સેક્ટરમાં ભારતના ગ્રોથને લઈને



પહેલાંથી વધારે પોઝિટિવ છું. હું આશા કરું છું કે ભારત આ ગ્રોથને જાળવી રાખશે અને પોતાના ઈનોવેશન દુનિયાને જણાવતાં રહેશે.

બિલ ગેટ્સે કહ્યું- પ્રભાવી, સુરક્ષિત અને સસ્તી કોરોના વેક્સિન બનાવવામાં ભારતની અદભૂત ક્ષમતા પ્રોત્સાહનને પાત્ર છે. આ વેક્સિને લાખો લોકોનું જીવન બચાવ્યું અને દુનિયાભરમાં અન્ય બીમારીઓ ફેલાવાથી અટકાવી. આ સારી બાબત છે કે થોડી વેક્સિન બનાવવામાં ગેટ્સ ફાઉન્ડેશન પણ ભારતનો સહયોગ કરી શક્યું.

તેમણે લખ્યું- ભારતે માત્ર જીવનરક્ષક વેક્સિન બનાવી નથી, પરંતુ તેને ડિલીવર કરવામાં પણ સારું કામ કર્યું. ભારતના પબ્લિક હેલ્થ સિસ્ટમે સીઓ કોવીન નામના ઓપન સોર્સ પ્લેટફોર્મ દ્વારા કોરોના વેક્સિનની ૨૨૦ કરોડ ડોઝ ડિલિવર કરી. આ પ્લેટફોર્મ દ્વારા કરોડો લોકોએ વેક્સિન લગાવવાની અપોઈન્ટમેન્ટ લીધી અને વેક્સિન લગાવ્યા પછી તેમને ડિજિટલ સર્ટિફિકેટ પણ મળ્યું. વડાપ્રધાન મોદીના જણાવ્યા પ્રમાણે સીઓ કોવીન દુનિયા માટે એક ઉદાહરણ છે અને હું તેમની વાત સાથે સહમત છું.ગેટ્સે લખ્યું કે મહામારી દરમિયાન ભારતે ડિજિટલ પેમેન્ટ્સને અપનાવ્યું. ૩૦ કરોડ લોકોને ઈમરજન્સી ડિજિટલ પેમેન્ટ મળ્યાં. તેમાં ૨૦ કરોડ મહિલાઓ સામેલ છે. આ માત્ર એટલાં માટે શક્ય બન્યું કેમ કે ભારતે આર્થિક સમાવેશને પોતાની પ્રાયોરિટી બનાવ્યું અને ડિજિટલ આઈડી સિસ્ટમ(આધાર) અને ડિજિટલ બેકિંગના ઈનોવેટિવ પ્લેટફોર્મમાં રોકાણ કર્યું. જેનાથી સાબિત થાય છે કે ફાયનાન્શિયલ ઈક્લૂઝન સારું રોકાણ છે.

બિલ ગેટ્સે લખ્યું કે ગતિ શક્તિ પ્રોગ્રામ આ વાતનું સટીક ઉદાહરણ છે કે ડિજિટલ ટેક્નોલોજીની મદદથી સરકાર સારું કામ કરી શકે છે. આ પ્રોગ્રામ રેલ અને રોડ સહિત ૧૬ મંત્રાલયોને ડિજિટલી જોડે છે જેથી આ મંત્રાલય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સના પોતાના પ્લાનને એકસાથે લઈને ચાલી શકે અને ભારતીય સાઈન્ટિસ્ટ્સ અને એન્જીનિયર્સનું કામ ઝડપથી આગળ વધી શકે. ગેટ્સે લખ્યું કે ભારતની ૪૨૦ પ્રેસિડેન્સી આ હાઈલાઈટ કરવાની સારી તક છે કે કેવી રીતે દેશમાં કરવામાં આવતા ઈનોવેશન દુનિયાની મદદ કરી શકે છે. ભારતની બધી કોશિશમાં તેમની મદદ કરવી, ખાસ કરીને ભારતના ડિજિટલ આઈડી અને પેમેન્ટ સિસ્ટમને અન્ય દેશો સુધી લાવવી ગેટ્સ ફાઉન્ડેશનની પ્રાથમિકતાઓમાં સામેલ છે.

# તંત્રી લેખ

## અપેક્ષા અનુરૂપ ચૂંટણી પરિણામો

પૂર્વોત્તરનાં ત્રણ રાજ્યોની વિધાનસભા ચૂંટણી પરિણામોમાં ચોંકાવનારું કોઈ તત્ત્વ નથી. વાસ્તવમાં પરિણામ લગભગ આશા અનરૂપ જ છે. ત્રણેય રાજ્યો ત્રિપુરા, નાગાલેન્ડ અને મેઘાલયનાં ચૂંટણી પરિણામોને એક સાથે જોઈએ તો કેટલીક વાતો સ્પષ્ટ થઈ જાય છે. એક, ભાજપની સીટો કોઈ રાજ્યમાં થોડી ઓછીવત્તી હોય, મત ટકાવારીમાં થોડુંઘણું અંતર આવી ગયું હોય, પણ તે હવે પૂર્વોત્તરની મુખ્ય સ્થાપિત પાર્ટી થઈ ગઈ છે. બીજું, એક સમયે પૂર્વોત્તર પર એકછત્ર રાજ કરનાર કોંગ્રેસ પાર્ટીની ક્ષરણ પ્રક્રિયા સતત ચાલુ છે. ત્રીજું, પૂર્વોત્તરમાં તૃણમૂલના એક મુખ્ય પાર્ટી રૂપે ઉભરવાની આશા પણ ધરાશાયી થઈ છે. વિચારો કે જો ત્રિપુરામાં ડાબેરી પક્ષો અને કોંગ્રેસ મળીને પણ ભાજપને સત્તામાંથી બહાર કરવામાં સફળ ન થયા તો તેનો મતલબ શો થયો? ગઈ ચૂંટણીમાં જોકે માકપા નેતૃત્વવાળો ડાબેરી મોરચો સત્તામાંથી બહાર થયો હતો, પરંતુ ભાજપ અને ડાબેરી મોરચાના મતોમાં વધુ અંતર ન હતું. આ કારણે ભાજપ વિરોધી અને ડાબેરી મોરચાના સમર્થકો એમ માની રહ્યા હતા કે ભલે જનતાએ સત્તાવિરોધી વલણમાં માકપાને બહાર કરી દીધી, પરંતુ આગામી ચૂંટણીમાં તેની વાપસી થઈ શકે છે. ચૂંટણી પરિણામોએ જણાવી દીધું કે ડાબેરી મોરચાનો ઉદય હવે શક્ય નથી. નિશ્ચિત રૂપે આ પરિણામનું ક્ષેત્રની સાથે સાથે રાષ્ટ્રીય રાજનીતિના સંદર્ભમાં પણ વિશ્લેષણ થશે. આખરે ૨૦૨૪ લોકસભા ચૂંટણીની દૃષ્ટિએ ભાજપ વિરોધી પાર્ટીઓ કેટલાય પ્રકારનાં સમીકરણો રચવાની કવાયતો કરી રહી છે તો આ ચૂંટણીની અસર એના પર ન પડે એવું સંભવ નથી. તો કેવી રીતે જોવામાં આવે આ ચૂંટણી પરિણામોને?

જોકે ત્રણેય રાજ્યોની ચૂંટણી મહત્ત્વપૂર્ણ હતી, દેશનું સૌથી વધુ ધ્યાન ત્રિપુરા તરફ હતું. આ પહેલું રાજ્ય હતું, જ્યાં ભાજપે પોતાની વિપરીત વિચારધારાવાળા ડાબેરી મોરચાને પહેલી વાર હરાવ્યો હતો. ભાજપના પૂર્વ મુખ્યમંત્રી વિપ્લવ દેવના શાસનકાળમાં ખુદ પાર્ટીની અંદર અસંતોષના સ્વર તથા સરકારની કેટલીક નીતિઓ વિરુદ્ધ જનતામાં પણ વિરોધ જોવામાં આવ્યો. ભાજપે મે ૨૦૨૨માં તેમની જગ્યાએ માણિક સાહાને મુખ્યમંત્રી બનાવ્યા. નાગાલેન્ડ તરફ જોઈએ તો અહીં પણ ભાજપનું પ્રદર્શન સંતોષજનક રહ્યું. નેશનલિસ્ટ ડેમોક્રેટિક પ્રોગ્રેસિવ પાર્ટી સાથે ગઠબંધનમાં તે નાનકડી ભાગીદાર હતી. તેને ૨૦ જ સીટો લડવા માટે મળી, પરંતુ કેન્દ્રીય નેતૃત્વએ તેને કારણે પાર્ટીના સ્થાનિક એકમમાં વિરોધ અને અસંતોષ ઉભરવા ન દીધો. નાના ભાગીદાર થઈને પણ તેણે એનડીપીએસ સાથે મળીને એ જ તન્મયતાથી ચૂંટણી લડી જેવી તે અન્ય રાજ્યોમાં લડી રહી હતી.

મેઘાલયનું ચૂંટણી પરિણામ ચોક્કસપણે ભાજપની આશાને અનુરૂપ નથી. તેને ખુદ બહેતર પ્રદર્શન કરવાની આશા હતી. ગઈ વખતે તેની ૨ સીટો આવી હતી અને એનપીઈપી, પીડીએફ અને એચએસબીસીની સાથે મળીને તેણે મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ બનાવ્યું હતું. એનપીઈપી સાથે તેનું ચૂંટણી ગઠબંધન ન હતું. ચૂંટણી બાદ અસમના મુખ્યમંત્રી અને પૂર્વોત્તર જનતાંત્રિક ગઠબંધનના સંયોજક હેમંતની કોનરાડ સંગમા સાથે મુલાકાત દર્શાવે છે કે સાથે મળીને કામ કરવાની વાતચીત પરિણામ પહેલાં જ શરૂ થઈ ગઈ હતી. તૃણમૂલ કોંગ્રેસ પણ અહીં સારું પ્રદર્શન નથી કરી શકી એ કોંગ્રેસની તો બહુ આશા જ ન હતી. તૃણમૂલ કોંગ્રેસે મુકુલ સંગમા સહિત કોંગ્રેસના પ્રમુખ નેતાઓને પાર્ટીમાં સામેલ કરીને મેઘાલયની મુખ્ય રાજકીય શક્તિ બનવાની આશા રાખી હતી. લાગે છે કે મેઘાલયના મતદારોને તે ગળે નથી ઉતર્યું.

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપે પૂર્વોત્તર પર વિશેષ ફોકસ કર્યું છે. ત્યાં પોતાની નીતિઓ, કાર્યક્રમો અને સંવાદથી અલગતાવાદ, પ્રાદેશિક-જાતીય વિશેષતાના બાવને ભારતીય રાષ્ટ્રભાવ સાથે જોડવાની સતત કોશિશ કરી. પરિવહન અને સંચાર ક્ષેત્રે પૂર્વોત્તરમાં ખરું કહીએ તો ક્રાંતિ થઈ છે. સડકો અને રેલમાર્ગ જ નહીં, હવાઇ યાત્રાઓની દૃષ્ટિએ પણ આધારભૂત સંરચનાઓ સશક્ત થઈ છે. વીજળીની સ્થિતિમાં ઘણો સુધાર આવ્યો છે. ૧૯૧ ઉચ્ચ શિક્ષણની નવી સંસ્થાઓ ખોલવામાં આવી છે.

## મિડલ ક્લાસ રોકાણકારોના ભોગે નાણા કોણે બનાવ્યા, હિન્ડનબર્ગની તપાસ કરો: હરીશ સાલ્વે

નવીદિલ્હી,તા.૪

વરિષ્ઠ વકીલ હરીશ સાલ્વેએ યુએસ શોર્ટ સેલર હિંડનબર્ગ રિસર્ચના અહેવાલની ઊંડી તપાસ કરવા જણાવ્યું છે જેના કારણે ગયા મહિને બજારમાં અસ્થિરતા જોવા મળી હતી, આ જૂથના અહેવાલના પગલે અદાણી જૂથના શેરોમાં કડાકો બોલ્યો હતો, જેને શોર્ટ સેલર દ્વારા નિશાન બનાવવામાં આવ્યા હતા.

સમગ્ર એપિસોડના રાજકારણને બાજુ પર રાખીને, મિસ્ટર સાલ્વેએ કહ્યું કે હિંડનબર્ગ "કોઈ મોટા કૌભાંડનો પર્દાફાશ કરનાર હોય તેવું ગ્રુપ નથી" અને આ બાબત "સંપૂર્ણપણે અલગ પરિમાણ" ધરાવે છે, જેનો હેતુ મધ્યમ વર્ગના રોકાણકારોના ભોગે નાણા કમાવવાનો છે. "આમાં એક સંપૂર્ણપણે અલગ પરિમાણ છે. હિન્ડનબર્ગે કોઈ મોટો પર્દાફાશ કર્યો નથી, તેણે પોતે પણ તેનો અહેવાલ પડતો મૂક્યો છે, સેબીએ તેની પાસે જવાબ માંગ્યો તો તેની પાસે તેના કોઈ પુરાવા નથી. આ અહેવાલ પણ પાછો તેવા સમયે આવ્યો હતો જ્યારે અદાણીનો વીસ હજાર કરોડનો એફપીઓ આવ્યો હતો. કોઈએ ટૂંકાગાળામાં બજારમાંથી જંગી નાણા ઊભા કર્યા છે, એમ સાલ્વેએ એનડીટીવીને જણાવ્યું હતું.

"તે મારું સૂચન છે – મેં આ જાહેરમાં કહ્યું છે અને હું પુનરાવર્તન કરી રહ્યો છું – સમિતિએ એવા તમામ લોકોને શોધી કાઢવા જોઈએ જે શેર શોર્ટ કરીને મધ્યમ વર્ગના રોકાણકારોના ખર્ચે ટન બંધ પૈસા કમાયા છે," અદાણી જૂથ-હિંડનબર્ગ વિવાદની તપાસ માટે સુપ્રીમ કોર્ટ દ્વારા સભ્યોની સમિતિની રચના કરવામાં આવી છે.

"આ ઘટનાને માર્કેટ મેનીપ્યુલેશન તરીકે ગણવી જોઈએ અને આમ કરનારા પર આજીવન ટ્રેડિંગ માટે પ્રતિબંધ મૂકીને બજારમાં એક દાખલો બેસાડવો જોઈએ – કે જો કોઈ રિપોર્ટ હોય, તો તે સૌથી પહેલા સેબી પાસે જવો જોઈએ, તેણે ૐર્ક્રૈજિર જીક્રન્નંદૃી-ૐહન્નીહન્નીક્ષિ ગંભીર છેતરપિંડીની ઓફિસમાં જવું જોઈએ. , તે કોર્પોરેટ બાબતોના મંત્રાલય પાસે જવું જોઈએ – તેઓ આવી બાબતોની તપાસ કરશે અને તેનો સામનો કરશે," એમ સાલ્વેએ જણાવ્યું હતું. "પરંતુ જો તમે કંપનીઓ પર હુમલો કરવા માટે આ પ્રકારના અહેવાલોનો ઉપયોગ કરવા જઈ રહ્યા છો, તો સેબી શાંત બેસશે નહીં. તેઓ એવા લોકોનો પીછો કરશે કે જેઓ બજારની અસ્થિરતાનું શોષણ કરી રહ્યા છે, જેમની પાસે મનીબેગ છે, અસ્થિરતાનો ફાયદો ઉઠાવી મધ્યમ વર્ગના રોકાણકારોના હિતોને ફટકો મારે છે,"

# છિન્ન- પ્રકરણ /૧

લઘુ નવલકથા



રાજુલ કૌશિક




લેટ્સ ગેટ ડિવોર્સ શ્રેયા.. વી કેન નોટ સ્ટે ટુ ગેધર એની મોર. ઘરનાં બેકયાર્ડમાં સવારની ચા પીતા પીતા સંદિપ બોલ્યો.

હજુ તો સવારની સુસ્તી માંડ ઉડે તે પહેલાં જ સંદિપે શ્રેયાની ઊંઘ ઉડી જાય એવી વાત સાવ જ સામાન્ય સ્વરે કહી દીધી. મોંઢે માંડેલા કૉફીના મગમાંથી ગરમ કૉફીનો ઘૂંટ જરા જોરથી લેવાઈ ગયો. એની સાથે જ ગરમ કૉફીના ઘૂંટની જેમ જીવ તાળવે ચોંટી ગયો હોય એવો ભાવ શ્રેયાનાં મનમાં થયો. ક્ષણવાર પછી કૉફીના મગમાંથી ઉઠતી કડક મીઠ્ઠી સુગંધથી મન પ્રસન્ન થઈ ગયું હોય તેમ શ્રેયાનું મન સંદિપની વાત સાંભળીને પ્રફુલ્લિત થઈ ગયું. અરે ! આ જ વાત તો એ ક્યારની સંદિપને કહેવા માંગતી હતી પણ અંદરથી ડરતી હતી કે, સંદિપને એ કેવી રીતે કહી શકશે? અગર તો આ વાત સંદિપ કેવી રીતે લેશે, પરિણામે હ્રદયથી ઈચ્છતી હોવાં છતાં એ હોઠ પર લાવી શકતી નહોતી. હાંશ! કેટલાય સમયનો બોજ જાણે એક સામટો ઉતરી ગયો હોય એમ શ્રેયા સાવ હળવી ફૂલ બની ગઈ.

બંનેના પિતાના ધંધાકિય ઔપચારિક સંબંધના લીધે સંદિપ અને શ્રેયાની ઓળખાણ તો નાનપણની હતી. કૉલેજ દરમ્યાન બંને વધુ નજીક આવ્યાં. સાધારણ ઓળખાણ કૉલેજમાં આવ્યા બાદ વધુ ઘનિષ્ટ બની. સંદિપ અને શ્રેયાનાં લીધે બંનેનાં ગ્રુપ પણ કૉમન બની ગયાં. સંદિપને તેના પપ્પાના આર્કિટેક્ટ કરેલાં કૉપ્લેક્સમાં ઈન્ટિરિઅર કરીને પપ્પાનો બિઝનેસ વધુ ફલરિશ બનાવવો હતો. શ્રેયા કહેતી કે, પપ્પામકાન બાંધે છે, મારે તેને ઘર બનાવવું છે. ઘરમાં રહેતા લોકોના સુખ,શાંતિ અને સવલિયતના સપનાને મારી કલ્પનાના રંગો ઉમેરીને સાકાર કરવા છે. ઈમારતોને જીવંત બનાવવી છે. ઘરનો આત્મા ધબકતો રાખવો છે.

બેઉના સ્વભાવમાં આસમાન જમીનનુ અંતર હતુ. સંદિપ મસ્તીખોર હતો જ્યારે શ્રેયાની પ્રકૃતિ જરા ગંભીર. સંદિપ ઘૂઘવતો સાગર તો શ્રેયા શાંત વહેતી સરિતા. સંદિપ તોફાની વાવાઝોડું તો શ્રેયા પહેલાં વરસાદની ફરફર.

સંદિપ ચપટી વગાડતામાં સૌને પોતાના કરી લેતો જ્યારે શ્રેયાને ખુલતાં વાર લાગતી પણ, એક વાર એ ખૂલે એટલે સાચી મિત્ર બની રહેતી. સંદિપ યારોનો યાર હતો. શ્રેયા સિલેક્ટિવ મિત્રોમાં માનતી. સંદિપ ટોળાંનો માણસ હતો જ્યારે શ્રેયા ટોળામાં પણ જાત જોડે એકલી રહી શકતી. હકિકતમાં એને ક્યારેય એકલતા લાગતી જ નહીં. સંદિપ હાજર હોય તો વાતોનો દોર એના હાથમાં જ રહેતો. બોલવા બેસે ત્યારે એને અટકાવવો મુશ્કેલ બનતો. કોઈ પણ મુદ્દે એ મુદ્દાની તરફેણમાં પણ બોલી શકતો અને એટલી જ સચોટતાથી એની વિરૂધ્ધમાં પણ સો દલીલો કરી શકતો. અથાગ વાંચનનો ભંડોળ લઈને હરતીફરતી લાઈબ્રેરી હતો એ. જ્યારે શ્રેયાનું આંતરિક મન વધુ બોલકું હતું. શ્રેયાની અભિવ્યક્તિ એનાં પેઇંટિંગમાં વ્યક્ત થતી. એનાં મનનું ઊંડાણ, એનાં મનની કલ્પના અવનવા રંગો બનીને કેનવાસ પર જે રીતે ઉતરતા એ શ્રેયાનો સાચો પરિચય બની રહેતા. વાંચનનો તો શ્રેયાને પણ એક હદથી આગળ શોખ હતો. સાવ અલગ છેડાની પ્રકૃતિ હોવાં છતાં બંનેની મિત્રતામાં પ્રકૃતિ ક્યાંય નડી નહોતી.પિકનિક પર સંદિપ મિત્રોની મહેફીલ જમાવતો જ્યારે શ્રેયા પ્રકૃતિમાં ભળી પ્રકૃતિનું એક અંગ બનીને કેનવાસ પર છલકી જતી. સંદિપની હાજરી મિત્રોને રંગત આપતી અને શ્રેયાને હાજરી શાતા. બેઉ જણ એટલે તો ગ્રુપમાં આવકાર્ય અને સ્વીકાર્ય હતાં.

બંનેના સ્વભાવમાં ક્યાંય કોઈ સુસંગતતા નહોતી છતાં બીજા કોઈ પણ મિત્રો કરતાં એ બંને વધુ નજીક હતા. સંદિપ શ્રેયાની કલાનો ઉપાસક હતો અને વિવેચક પણ. શ્રેયા એની કોઈ પણ કૃતિ સૌ પહેલાં સંદિપને બતાવતી અને એની આલોચના માટે આતુર રહેતી. આ બંનેના વિરૂધ્ધ સ્વભાવની મૈત્રી સૌ કોઈને અકળ લાગતી. બંનેમાં નિર્દોષ મૈત્રીથી વધીને બીજો કોઈ ભાવ નહોતો. ક્યાંય કોઈ આદમ નહોતો કે નહોતી કોઈ ઈવ.સેપ્ટનોએ પહેલો દિવસ શ્રેયા માટે અકળાવનારો હતો. સેપ્ટમાં સીનિયરોના વર્ચસ્વ સમા રેગિંગનો કનસેપ્ટ એની પ્રકૃતિને મંજૂર નહતો, જ્યારે પહેલા દિવસથી જ સંદિપને એની

## મોરબી બ્રિજ દુર્ઘટના મામલે જયસુખ પટેલની જામીન અરજીની સુનાવણી ૭ માર્ચના રોજ

મોરબી,તા.૪

મોરબી બ્રિજ દુર્ઘટના મામલે જયસુખ પટેલની જામીન અરજીની સુનાવણી ૭ માર્ચના રોજ હાથ ધરવામાં આવશે. જેમાં મોરબી જિલ્લા અને સેશન્સ કોર્ટમાં બંને પક્ષના વકીલોની દલીલ કરી હતી. જેમાં પીડિતોને સહાય ચુકવવાના આદેશ બાદ જયસુખ પટેલે અરજી કરી હતી . ૩ મહિના સુધી ભૂગર્ભમાં રહ્યા બાદ જયસુખ પટેલની ધરપકડ કરાઇ હતી.

મોરબી બ્રિજ દુર્ઘટના મામલે જયસુખ પટેલની જામીન અરજીની સુનાવણી ૭ માર્ચના રોજ હાથ ધરવામાં આવશે. જેમાં મોરબી જિલ્લા અને સેશન્સ કોર્ટમાં બંને પક્ષના વકીલોની દલીલ કરી હતી. જેમાં પીડિતોને સહાય ચુકવવાના આદેશ બાદ જયસુખ પટેલે અરજી કરી હતી . ૩ મહિના સુધી ભૂગર્ભમાં રહ્યા બાદ જયસુખ પટેલની ધરપકડ કરાઇ હતી. તેમજ છેલ્લા એક મહિનાથી જયસુખ પટેલ પટેલ જેલમાં બંધ છે.

મોરબી કેબલ બ્રિજ દુર્ઘટના મામલે ગુજરાત હાઇકોર્ટે મહત્વનો આદેશ આપ્યો છે. ગુજરાત હાઇકોર્ટ વચગાળાનો આદેશ આપી ઓરેવાં કંપનીએ દરેક મૃતકોના પરિવારજનોને પ્રતિ વ્યક્તિ ૧૦ લાખ ચૂકવવા જણાવ્યુ છે. દરેક ઈજાગ્રસ્તોને બે લાખ રૂપિયા ચૂકવવા પણ હાઇકોર્ટના આદેશ કર્યો છે. આ કેસમાં ભોપાલ ગેસ કાંડ અને દિલ્લી ઉપહારકાંડના વળતર અંગેનો ચુકાદો કોર્ટમાં રજૂ કરાયો હતો. જેને લઇને આ કેસમાં મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો હતો.

સમગ્ર કેસ મામલે મૃતકોના પરિજવારજનો તરફથી વધુ એક સોગંદનામુ રજૂ કરાયુ હતુ. સોગંદનામામાં ઉચ્ચ કક્ષાના લોકોના નામ જાહેર કરવા રજૂઆત કરવામાં આવી હતી. અરજદારે રજૂઆત કરી હતી કે કોણે આ કામ કરવા માટે ઓરેવા અથવા જયસુખ પટેલને કીધુ હતુ તેના નામ જાહેર કરવામાં આવે. તેમજ ઓરેવા તરફી વકીલે કોર્ટમાં કરેલી રજૂઆત સંદર્ભે ખુલાસો માગ્યો હતો.અગાઉ ઓરેવાએ ૩.૫ લાખ આપવા તૈયારી દર્શાવી હતી

બ્રિજ હોનારત મુદ્દે ઓરેવા ગ્રૃપે અગાઉની સુનાવણીમાં મૃતકોના પરિવારને ૩.૫ લાખ રૂપિયા વળતર ચૂકવવાની તૈયારી દર્શાવી હતી. તેમજ ઈજાગ્રસ્તને ૧ લાખ એડ હોક વળતર ચુકવવા અંગેની તૈયારી દર્શાવી હતી. જેને લઈને કોર્ટે પુછ્યુ કે શું આ વળતર પુરતુ અને વ્યાજબી લાગે છે? કોર્ટે સ્પષ્ટ કહ્યુ હતુ કે આ રકમ વ્યાજબી લાગતી નથી. કોર્ટ મિત્રએ કહ્યું હતુ કે, અસરગ્રસ્તોને વધુ વળતર મળવું જોઇએ. ગુજરાત હાઇકોર્ટે કહ્યું કે, કંપનીની જવાબદારી ૫૫ ટકા નક્કી થવી જોઇએ.

## જમીન એવી રીતે વેચી કે પોતાનું નામ ન આવે પણ ખેડૂતો પોતે આરોપી બન્યા




અમદાવાદ,તા.૪

ભુમાફિયા કનું ભરવાડ વિરુદ્ધ વધુ એક ફરિયાદ આર્થિક ગુના નિવારણ શાખામાં નોંધાઇ છે.કરોડોની જમીન પોતાના વેવાઈ સાથે મળીને જમીન દલાલ સાથે દોઢ કરોડની ઠગાઇ આચરી. જેમાં આર્થિક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધી ૩ જમીન માલિક સહિત એક દલાલની ધરપકડ કરી છે.

કરોડોની જમીન કૌભાંડમાં આર્થિક ગુના નિવારણ શાખાએ ભરતસિંહ ચૌહાણ,બળવંતસિંહ ચૌહાણ,દીવાનસિંહ ચૌહાણ અને બળદેવ ભરવાડએ સહિત ૧૧ લોકોએ ભેગા મળી ખેડૂતોની જમીન દસ્તાવેજ કરી ઠગાઇ આચરી છે.ધટનાની વિગતવાર કર્યે તો પીપળજ સીમમાં આવેલ સર્વે નંબર ૬૭ વાળી જમીનમાં ૯ જમીન માલિક પાસેથી ભુમાફિયાએ કનું ભરવાડે વિશ્વાસમાં લઇ ૮૧ લાખ રૂપિયા ચૂકવી તેનાં વેવાઈ આરોપી બળદેવ ભરવાડ નામે બાનાખત અને દસ્તાવેજ કરાઈ દીધો હતો.જે જમીન ખરીદી માટે ફરિયાદી મુસ્તાક પાસેથી ૧.૫૦ કરોડ રૂપિયા કનું ભરવાડે લીધા હતા.અને તે જમીન પોતાના વેવાઈ નામે દસ્તાવેજ કરી કરોડોની છેતરપીંડી આચરી હતી.ભુમાફિયા કનું ભરવાડની મોડ્સ ઓપરેન્ડી પર નજર કરીએ તો દસ્તાવેજ પર કોઈ પણ જગ્યાએ પોતાનું નામ કે સહી કર્યા વિના જમીનોના કૌભાંડ આચરતો હતો.આવી જ રીતે પીપળજ સીમ આવેલ જમીન ફરિયાદી મુસ્તાક પાસેથી દોઢ કરોડ મેળવ્યા હતા અને તેની અવેજમાં ૩૦-૩૦ લાખના પાંચ ચેક મુસ્તાકને આપ્યા હતા અને સાથે જ મુસ્તાક સાથે કનું ભરવાડે એક સમાધાન કરાર પણ કર્યું હતું.જેમાં કનું ભરવાડ મુસ્તાકને સારી જમીન અપવાશે અથવા તો દોઢ કરોડ રૂપિયાનું સારું વળતર ચૂકવશે.જોકે ચેક રિટર્ન થતાં મામલો પોલીસે સ્ટેશન સુધી પહોંચ્યો હતો જેની તપાસ બાદ આર્થિક ગુણ નિવારણ શાખાએ ચાર આરોપી ધરપકડ કરી અને ફરાર ૭ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

આ કેસમાં મૂળ જમીન માલિક આરોપી બની ગયા છે અને બે વર્ષના સમય ગાળામાં મુખ્ય આરોપી કનું ભરવાડે જમીન બળદેવ ભરવાડ ,વાસુ દેવ અગ્રવાલ અને મનીષ ઠક્કરના નામે અલગ અલગ સમયએ વેચાણ આપી દસ્તાવેજ કર્યા હોવાનું સામે આવ્યું પરતું ફરિયાદીના રૂપિયા કનું ભરવાડ સહિત જમીન માલિકો પાસે હોવાથી આ ગુનામાં તેમને આરોપી બન્યા છે.પણ ભુમાફિયા કનું ભરવાડ વિરુદ્ધ અત્યાર સુધીમાં ૧૯ જેટલા જમીન કૌભાંડ કેસ નોંધાઇ ચુક્યા છે.ત્યારે જમીન કૌભાંડના કેસમાં કનું ભરવાડ ધરપકડ થતા સેન્ટ્રલ જેલમાં છે.

## અજય ચૌટાલાએ મંદિરના પાયા માટે દાનમાં આપેલી ચાંદીની ઈંટ નીકળી નકલી

નાગૌર,તા.૪

રાજસ્થાનના નાગોર જિલ્લાના ખરનાલમાં વીર તેજાજીની જન્મસ્થળી પર ચાલી રહેલા મંદિર નિર્માણ વચ્ચે અચાનક કેટલાક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. આસ્થામાં ખીલવાડના આ મામલાએ બધાને હેરાન કરી દીધા છે. આ મંદિરમાં દાન કરવામાં આવેલી ચાંદીની ઈંટો નકલી હોવાનું જાણવા મળ્યું છે. હરિયાણાના જેજેપી પાર્ટીના અધ્યક્ષ અજય ચૌટાલા વીર તેજા મંદિર બનાવવા માટે આગળ આવ્યા હતા. તેમણે પાયામાં જે ચાંદીની ઈંટો રાખી હતી, તે નકલી હોવાનું સામે આવ્યું છે.


મંદિરનું નિર્માણ કરાવી રહેલી અખિલ ભારતીય વીર તેજા જન્મસ્થળી સંસ્થાના પદ અધિકારી આ મામલો સામે આવ્યા બાદ હેરાન રહી ગયા છે. ઈંટ નકલી હોવાની વાત જ્યારે આખા ગામમાં ફેલાઇ તો જાત જાતની વાતો બનવાની શરૂ થઇ ગઇ. જેના કારણે સંસ્થાના પદાધિકારીઓએ પ્રેસ કોન્ફરન્સ કરીને આખી સ્થિતિને સ્પષ્ટ કરી છે. સાથે જ ચૌટાલા પરિવારની સ્થિતિથી પણ અવગત કરાવવામાં આવ્યા છે. સંસ્થાના અધ્યક્ષ સુખરામ કુડિયાએ જણાવ્યું કે, ચૌટાલા પરિવારને નકલી ઈંટ હોવાની જાણકારી આપી દેવામાં આવી છે.

તેના પર તેમણે નાગોર પહોંચવાનું આશ્વાસન આપ્યું છે. સાથે જ સ્થિતિને સ્પષ્ટ કરતા કહ્યું કે, જો તે ઈંટ નકલી નીકળી છે તો તેની જગ્યાએ અસલી ચાંદીની ઈંટ રખાવવામાં આવશે. તેજાજીની જન્મસ્થળી ખરનાલમાં મંદિર નિર્માણ માટે હરિયાણાની જેજેપી પાર્ટીએ બેડો ઉઠાવ્યો હતો અને તેણે કામ પણ શરૂ કરાવી દીધું હતું. મંદિર માટે ચૌટાલાએ પાયામાં ૧૭ કિલોની ચાંદીની ઈંટ રખાવી અને નિર્માણ કાર્ય જોરશોરથી શરૂ કરાવી દીધું હતું.

તો ચૌટાલા પરિવારે કરોડો રૂપિયા મંદિર નિર્માણમાં આપવાની પણ જાહેરાત કરી છે. સાથે જ અત્યાર સુધી લગભગ ઘણી બધી રકમ મંદિર નિર્માણ માટે દાન આપવામાં આવી છે. આ સમયે ખરનાલમાં મંદિર નિર્માણ માટે ખોદકામ કાર્ય ચાલી રહ્યું છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ જ્યારે ત્નઝ્રમ્થી ખોદકામ દરમિયાન ત્યાં રાખેલી ઈંટનો ખુણો તૂટી ગયો હતો. ત્યારબાદ ખબર પડી કે ઈંટમાં માત્ર ઉપરનો થર ચાંદીનો છે. બાકી કાંચ ભરેલી છે. જ્યારે આ ઈંટને કમિટી મેમ્બરોએ જોઇ તો બધાના હોશ ઊડી ગયા.

## અંબાજીમાં પ્રસાદની પરંપરા બદલાતા વિરોધ શરૂ, મંદિર બંધ કરવાનું અલ્ટીમેટમ અપાયું

### જો ૪૮ કલાકમાં મોહનથાળ ફરી ચાલુ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી અપાઈ




અંબાજી,તા.૪

ગુજરાતના પ્રખ્યાત દેવસ્થાન અંબાજી મંદિરમાં છેલ્લાં ૫૦ વર્ષથી એક જ પ્રકારનો પ્રસાદ મળતો હતો. આ પ્રસાદ મંદિરની ઓળખ હતી. પ્રસાદ હાથમાં જ મૂકતા અને મોઢામાં ઓગળી જાય એટલે લોકો સમજી જાય પણ કે આ અંબાજીનો પ્રસાદ છે. પંરતુ હવે અંબાજી મંદિરના આ પ્રસાદની ઓળખ ભૂંસવાનો પ્રયાસ થઈ રહ્યો છે. શક્તિપીઠ અંબાજી મંદિરમાં હવેથી મોહનથાળનો પ્રસાદ નહીં મળે. ટ્રસ્ટના આ નિર્ણયથી કરોડો માઈભક્તોની લાગણી દુભાઈ છે. તેથી હવે આ નિર્ણયનો વિરોધ થઈ રહ્યો છે. અંબાજી મંદિરમાં મોહનથાળ બંધ થવાના નિર્ણયનો ગામ લોકોએ વિરોધ કર્યો છે.

અંબાજી મંદિરમાં હવેથી મોહનથાળનો પ્રસાદ નહીં મળે. અંબાજીમાં હવેથી મોહનથાળના બદલે ભક્તોને ચીકીનો પ્રસાદ મળશે. ચીકીનો પ્રસાદ સુકો હોવાથી ત્રણ માસ સુધી પણ ચાલી શકે જેને લઈને નિર્ણય લેવાયો છે. સૂકા પ્રસાદની ઘણી રજૂઆતો અને મંતવ્યો બાદ નિર્ણય કરાયો છે. સોમનાથ તિરૂપતિ સહિતના મંદિરોમાં પણ સૂકા પ્રસાદની માંગ છે અને એ મંદિરોનું જોઈને નિર્ણય કરાયો છે. હવે અંબાજીના સૂકા પ્રસાદ ચીકીનું દેશ અને વિદેશમાં પણ જશે. ચીકીના સૂકા પ્રસાદ માટે અમુલ અને બનાસ ડેરી સાથે વિચાર વિમર્શ પણ ચાલુ છે. અમુલ બ્રાન્ડ હોવાથી ચીકીનો પ્રસાદ દેશ અને વિદેશમાં પણ જશે. અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદના હવે ૧૯૨૦૦ પેકેટ બચ્યા હતા. જેમાંથી ગુરુવારે રાત સુધી ૧૧૦૦૦ પેકેટનું વિતરણ થયું હતું. હવે ૮૨૦૦ પેકેટનો જ સ્ટોક બચ્યો છે. જે શુક્રવાર એટલે કે આજ સુધીમાં ચાલશે. પ્રસાદ બનાવતી એન્જસીને નવો પ્રસાદ બનાવવાનો આદેશ કરવામાં આવ્યો નથી. પરિણામે શુક્રવાર બપોર પછી હવે ભક્તોને માતાજીના પ્રસાદનો મોહનથાળ મળશે કે કેમ તે બાબતે આશંકાઓ સાથે આક્રોશ ઉભો થયો છે.

અંબાજી ગામમા આવેલ હિન્દુ હિત રક્ષા સમિતિ દ્વારા અંબાજી મંદિરમાં પ્રસાદ બદલવાના નિર્ણયનો વિરોધ કરાયો છે. આ માટે પ્રદર્શન કરાયું. તેમજ અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટને ૪૮ કલાકનું અલ્ટીમેટમ અપાયું છે. હિન્દુ હિત રક્ષા સમિતિ દ્વારા ૪૮ કલાકમાં ફરી મોહનથાળ મંદિરમાં ચાલુ કરવા માંગ કરાઈ છે. અને જો ૪૮ કલાકમાં મોહનથાળ ફરી ચાલુ નહીં થાય તો ઉગ્ર આંદોલનની ચીમકી અપાઈ છે. હિન્દુ હિત રક્ષા સમિતિના કાર્યકર્તાઓ સાથે ગામ લોકો રાત્રે પણ મોટી સંખ્યામાં એકઠા થયા હતા. તેઓએ ચીમકી આપી કે, અંબાજી બંધ રાખવું પડે કે ભૂખ હડતાળ કરવી પડે તો પણ અમે તમામ પ્રકારે વિરોધ દર્શાવીશું. અંબાજી મંદિરમાં મોહનથાળ પ્રસાદ ફરી ચાલુ કરવા હિન્દુ હિત રક્ષા સમિતિએ પ્રબળ માંગ કરી છે. પ્રસાદ ફરી ચાલુ નહીં થાય તો અંબાજી ગામને બંધ રાખી ઉગ્ર આંદોલન કરવાની ચીમકી આપી છે. મોહનથાળની એક પરંપરા પણ એવી રહી છે કે આજદિન સુધી મોહનથાળની બનાવટમાં સ્વાદનો કોઈ ફેર પડ્યો નથી ને વર્ષોથી એક જ સ્વાદમાં શુદ્ધતાની ખરાઈ સાથે વહેંચાતો મોહનથાળનો પ્રસાદ અંબાજી આવતા યાત્રિકો એક નહીં પણ અનેક બોક્સ સાથે લઈ જતા હોય છે. આ મોહનથાળના પ્રસાદની વિતરણ વ્યવસ્થા બંધ કરી અન્યપ્રસાદ વહેંચવા બાબતે કેટલાક માધ્યમોના અહેવાલના પગલે યાત્રિકોમાં પણ નારાજગી પ્રવર્તી રહી છે. અંબાજી મંદિરમાં વહેંચાતો મોહનથાળનો પ્રસાદ અંબાજી મંદિરની એક ઓળખ સમાન બની ગયું છે. જેને નાના બાળકોથી લઈ વૃદ્ધો સહીતના લોકો પ્રસાદ સ્વરૂપે ગ્રહણ કરતા હોય છે. જે મોહનથાળ એક આસ્થાનો ભાગ બની ગયું છે ત્યારે મોહનથાળનો પ્રસાદ બંધ ન કરવામાં આવે તેવી માંગ પ્રવર્તી રહી છે.